શેરડીના ખેડૂતોના હિતોની રક્ષા માટે કેન્દ્ર સરકારનું મોટું પગલું: ૧ અઠવાડિયામાં ઉચ્ચ સ્તરીય કમિટી બનાવવાની જાહેરાત

- કેન્દ્રીય મંત્રી શ્રી પ્રહ્લાદ જોશી સાથેની બેઠકમાં કૃષિ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણનો નિર્ણય: શેરડીની રિકવરી, માપ-તોલ અને ચુકવણીના વિવાદ ઉકેલવા માટે સંયુક્ત કમિટી બનશે; ખેડૂતો અને વૈજ્ઞાનિકો સામેલ થશે
- "ખેડૂતોની સેવા જ આપણા માટે ભગવાનની પૂજા છે": કેન્દ્રીય મંત્રી શ્રી પ્રહ્લાદ જોશીની ઉપસ્થિતિમાં કર્ણાટક-મહારાષ્ટ્રના ખેડૂતો સાથેની ઉચ્ચ સ્તરીય બેઠક પછી બોલ્યા કેન્દ્રીય મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણ
- પારદર્શિતાથી દૂર થશે શેરડીના ખેડૂતોની મુશ્કેલીઓ: કેન્દ્ર, રાજ્ય, ખેડૂત અને વૈજ્ઞાનિકોની કમિટી કરશે કાયમી ઉકેલની ભલામણ
- મોદી સરકારની પ્રાથમિકતામાં અન્નદાતા: શેરડીની રિકવરીમાં હેરાફેરી અને સમસ્યાઓ પર કડક વલણ, શ્રી શિવરાજ સિંહ ચૌહાણે આપ્યા ઠોસ વ્યવસ્થાના નિર્દેશ

પી.આઈ.બી. અમદાવાદ

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં કેન્દ્ર સરકાર ખેડૂતોના સર્વાંગી કલ્યાણ, તેમની ઉપજના પારદર્શી મૂલ્યાંકન અને આવક સુરક્ષા માટે પૂરી પ્રતિબદ્ધતા સાથે ઠોસ પગલાં ઉઠાવી રહી છે. આ જ ક્રમમાં કર્ણાટક અને મહારાષ્ટ્રથી આવેલા શેરડીના ખેડૂતોના પ્રતિનિધિમંડળો સાથે કેન્દ્રીય કૃષિ અને કિસાન કલ્યાણ તથા ગ્રામીણ વિકાસ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણ અને કેન્દ્રીય ઉપભોગતા બાબતો, ખાદ્ય અને સાર્વજનિક વિતરણ મંત્રી શ્રી પ્રહ્લાદ જોશીએ એક અત્યંત મહત્વપૂર્ણ અને સંવેદનશીલ ઉચ્ચ સ્તરીય બેઠક કરી. આ બેઠકમાં કર્ણાટક સરકારના સંબંધિત મંત્રીશ્રીઓ તથા કેન્દ્ર અને રાજ્ય સરકારોના સચિવ સ્તરના વરિષ્ઠ અધિકારીઓ વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા. બેઠકમાં શેરડીના ખેડૂતોની જમીની સમસ્યાઓ, શુગર મિલો દ્વારા રિકવરીના આંકડાઓમાં તફાવત, વજન, વેસ્ટેજ, પ્રયોગશાળા (લેબ) તપાસ અને પાસ બીમા સાથે જોડાયેલા વિવિધ વિષયો પર બિંદુવાર અને વિસ્તારથી સાર્થક ચર્ચા થઈ.

કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે કેન્દ્રીય મંત્રી શ્રી પ્રહ્લાદ જોશી સાથે ખેડૂતોની વાતને ગંભીરતા અને આત્મીયતાથી સાંભળતા સ્પષ્ટ કર્યું કે મોદી સરકાર માટે ખેડૂતોની સેવા એ ભગવાનની પૂજા સમાન છે. અન્નદાતાનું શોષણ કોઈપણ સંજોગોમાં સહન કરવામાં આવશે નહીં. ખેડૂતો દ્વારા મૂકવામાં આવેલા રિકવરી ડિફરન્સ, વજનમાં કાપ અને મિલો દ્વારા વાસ્તવિક રિકવરી છુપાવવા જેવી વિસંગતતાઓને તેમણે બેહદ સંવેદનશીલ વિષય ગણાવ્યો. શ્રી ચૌહાણે કહ્યું કે આ વિસંગતતાઓનો કોઈપણ તાત્કાલિક અથવા અર્ધ-અધૂરો ઉકેલ લાવવાને બદલે એક પારદર્શી અને વૈજ્ઞાનિક પ્રણાલી સ્થાપિત કરવી આવશ્યક છે જેથી ભવિષ્યમાં કોઈ પણ મિલ ખેડૂતોના હક પર તરાપ ન મારી શકે.

ખેડૂતોને ત્વરિત અને પ્રભાવી રાહત આપવાના ઉદ્દેશ્યથી કેન્દ્રીય મંત્રી શ્રી ચૌહાણે પ્રહ્લાદ જોશી સાથે મોટી જાહેરાત કરતા કહ્યું કે એક અઠવાડિયાની અંદર એક વિશેષ ઉચ્ચ સ્તરીય સંયુક્ત કમિટીની રચના કરવામાં આવશે. આ કમિટીમાં કેન્દ્ર સરકાર, સંબંધિત રાજ્ય સરકારો (કર્ણાટક અને મહારાષ્ટ્ર), કિસાન સંગઠનોના અધિકૃત પ્રતિનિધિઓ, શુગર મિલોના પ્રતિનિધિઓ અને વિષય વિશેષજ્ઞ વૈજ્ઞાનિકોને સામેલ કરવામાં આવશે. આ કમિટી શેરડીની કાપણીના સમયે, રિકવરીના વૈજ્ઞાનિક માપદંડો, આધુનિક લેબ ટેસ્ટિંગ વ્યવસ્થા અને વજનની શુદ્ધતા સાથે જોડાયેલા દરેક ટેકનિકલ પાસાની ઝીણવટભરી તપાસ કરશે અને એક નિશ્ચિત સમય-મર્યાદામાં પોતાની વ્યવહારિક ભલામણો સરકારને સોંપશે. આ સંબંધમાં રાજ્ય સરકાર પાસેથી પણ સહયોગની અપેક્ષા રાખવામાં આવી છે જેથી ખેડૂતોની ભલાઈ માટે વધુ ઝડપથી કાર્યવાહી કરી શકાય.

શ્રી શિવરાજ સિંહ ચૌહાણ દ્વારા શ્રી પ્રહ્લાદ જોશી સાથે યોજાયેલી આ બેઠકમાં એ પણ નક્કી કરવામાં આવ્યું કે સમસ્યાઓના ઉકેલને બે તબક્કા - ટૂંકા ગાળાના (શોર્ટ ટર્મ) અને લાંબા ગાળાના (લોંગ ટર્મ) માં વિભાજિત કરીને નીતિગત નિર્ણયો લેવામાં આવશે. તાત્કાલિક વહીવટી સુધારાઓ લાગુ કરવાની સાથે જ નીતિગત અને ટેકનિકલ વ્યવસ્થાઓને વૈજ્ઞાનિક આધાર પર કાયમી ધોરણે સુદ્રઢ કરવામાં આવશે.

ખેડૂતો પ્રત્યેની પોતાની જવાબદારીને સર્વોપરી રાખતા શ્રી શિવરાજ સિંહ ચૌહાણે આખી બેઠકમાં સ્વયં ઉપસ્થિત રહીને સંવાદને નિષ્કર્ષ સુધી પહોંચાડ્યો. તેમણે ખેડૂતોને ભરોસો અપાવ્યો કે કેન્દ્ર સરકાર કોઈપણ ભેદભાવ વગર પૂરી સંવેદનશીલતા સાથે તેમના સૂચનો પર અમલ કરશે અને મોદી સરકાર ખેડૂતોને આર્થિક રીતે સશક્ત બનાવવા માટે હર સંભવ સહયોગ, સહાય અને ઠોસ વ્યવસ્થા નિરંતર ચાલુ રાખશે.

કેન્દ્રીય ઉપભોક્તા બાબતો, ખાદ્ય અને સાર્વજનિક વિતરણ મંત્રી શ્રી પ્રહ્લાદ જોશીએ પણ બેઠકમાં શેરડીના યોગ્ય અને લાભકારી મૂલ્ય (FRP) નિર્ધારણની વૈજ્ઞાનિક પ્રક્રિયા અને પડતર આંકલનની પદ્ધતિઓની માહિતી આપતા આશ્વાસન આપ્યું કે કેન્દ્ર સરકાર રાજ્યો અને ખેડૂતોના સમન્વયથી દરેક સ્તરે પારદર્શિતા સુનિશ્ચિત કરી રહી છે.

સંરક્ષણ મંત્રીએ ૨૦૨૬ એશિયન ગેમ્સમાં રેકોર્ડ ૨૭ મેડલ મેળવનારા સર્વિસીસના એથ્લેટ્સનું સન્માન કર્યું





પી.આઈ.બી. અમદાવાદ

સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે, ૧૨ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ, જાપાનમાં હાલમાં જ સંપન્ન થયેલી એશિયન ગેમ્સમાં ૨૭ મેડલ - ૦૬ ગોલ્ડ, ૧૧ સિલ્વર અને ૧૦ બ્રોન્ઝ મેળવનારા સશસ્ત્ર દળોના ખેલાડીઓનું સન્માન કર્યું હતું. આ પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય રમતગમતના કાર્યક્રમમાં સર્વિસીસના અત્યાર સુધીના સર્વશ્રેષ્ઠ પ્રદર્શનની ઉજવણી કરવા માટે આયોજિત આ કાર્યક્રમમાં ગ્રાહક બાબતો, ખાદ્ય અને સાર્વજનિક વિતરણ મંત્રી શ્રી પ્રહ્લાદ જોશી પણ ઉપસ્થિત રહ્યા હતા. ત્રણેય સર્વિસીસના કુલ ૯૨ એથ્લેટ્સે ૧૯ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો, અને ભારત ચોથા સ્થાને પહોંચ્યું તેમાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. સમગ્ર ભારતીય ટુકડીએ ૮૫ મેડલ - ૨૧ ગોલ્ડ, ૨૭ સિલ્વર અને ૩૭ બ્રોન્ઝ જીત્યા હતા.

નવી દિલ્હીમાં એક કાર્યક્રમમાં ખેલાડીઓ સાથે વાર્તાલાપ કરતા, સંરક્ષણ મંત્રીએ તેમની સફળતાનો શ્રેય શિસ્ત, સખત પરિશ્રમ, ટીમ સ્પિરિટ અને રમતગમતની ઉત્કૃષ્ટતાને આપ્યો હતો. તેમણે કહ્યું કે મેડલ જીતવાની સફરમાં અપાર સમર્પણ, વહેલી સવારે તાલીમ, જીમ સત્રો, ઈજાઓ, પુનઃપ્રાપ્તિ અને યુનિટની ફરજો સાથે રમતગમતની તૈયારીઓને સંતુલિત કરવા અને પરિવારોથી દૂર રહેવાના સતત પ્રયાસો સામેલ છે.

ભાગ લીધો હતો, પરંતુ ચંદ્રક જીતી શક્યા નહોતા એવા ખેલાડીઓને સંબોધતાં શ્રી રાજનાથ સિંહે ભારપૂર્વક જણાવ્યું કે સાચી હાર તો હિંમત હારીને પ્રયાસ છોડી દેવામાં છે. તેમણે કહ્યું કે દરેક સહભાગીએ કોઈ ને કોઈ રીતે દેશ અને સશસ્ત્ર દળોનું ગૌરવ વધારવામાં યોગદાન આપ્યું છે. સશસ્ત્ર દળોના ખેલાડીઓની ક્ષમતા પર વિશ્વાસ વ્યક્ત કરતાં તેમણે કહ્યું કે તેમની સિદ્ધિઓ આવનારી પેઢીઓને સતત પ્રેરણા આપતી રહેશે.

સંરક્ષણ મંત્રીએ પ્રતિભાશાળી એથ્લેટ્સની ઓળખ કરવા, તેમની ક્ષમતાને પોષવા, વૈજ્ઞાનિક તાલીમ અને વિશ્વ કક્ષાની રમતગમત સુવિધાઓ પૂરી પાડવા અને તેમને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ માટે તૈયાર કરવામાં મિશન ઓલિમ્પિક વિંગ દ્વારા ભજવવામાં આવેલી મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે કોચ, સપોર્ટ સ્ટાફ, ફિઝિયોથેરાપિસ્ટ, ન્યુટ્રિશનિસ્ટ અને એથ્લેટ્સના પરિવારો દ્વારા આપવામાં આવેલા યોગદાનનો પણ સ્વીકાર કર્યો હતો, અને ભારપૂર્વક જણાવ્યું હતું કે ચેમ્પિયન ક્યારેય એકલા બનતા નથી.

શ્રી રાજનાથ સિંહે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકારની ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આધુનિક તાલીમ સુવિધાઓ અને એથ્લેટ્સ માટે વધુ સારી તકો પર સતત ધ્યાન કેન્દ્રિત કરીને ભારતની રમતગમત ઇકોસિસ્ટમને મજબૂત કરવાની પ્રતિબદ્ધતા પુનરાવર્તિત કરી હતી. તેમણે રેખાંકિત કર્યું કે ઉદ્દેશ્ય માત્ર ભાગીદારી વધારવાનો નથી પરંતુ વૈશ્વિક રમતગમત ક્ષેત્રે ભારતને અગ્રણી શક્તિ તરીકે સ્થાપિત કરવાનો છે.

ભારતીય રમતગમતમાં સર્વિસીસના નોંધપાત્ર યોગદાન વિશે બોલતા, સંરક્ષણ મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે સશસ્ત્ર દળોએ સતત એવા એથ્લેટ્સ આપ્યા છે જેઓ માત્ર તેમની શારીરિક ક્ષમતા માટે જ નહીં પરંતુ પડકારજનક પરિસ્થિતિઓમાં પણ શિસ્ત, ધૈર્ય, નેતૃત્વ અને પોતાના લક્ષ્યો પ્રત્યેની અવિચલ પ્રતિબદ્ધતા માટે પ્રખ્યાત છે.

શ્રી રાજનાથ સિંહે ૨૦૨૮ લોસ એન્જલસ ઓલિમ્પિક્સ તરફ કેન્દ્રિત અને વ્યવસ્થિત અભિગમ અપનાવવા આહ્વાન કર્યું હતું, અને ટ્રેનર્સ તથા સપોર્ટ સ્ટાફને સમર્પણ અને વ્યવસાયિકતા સાથે એથ્લેટ્સને માર્ગદર્શન આપવાનું ચાલુ રાખવા વિનંતી કરી હતી. તેમણે તેમને ઉચ્ચ લક્ષ્યો નિર્ધારિત કરવા અને લોસ એન્જલસ ઓલિમ્પિક્સ ૨૦૨૮ માં વધુ સારું પ્રદર્શન કરવા આહ્વાન કર્યું હતું.

આ પ્રસંગે ચીફ ઓફ ધ આર્મી સ્ટાફ જનરલ ધીરજ સેઠ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ભારતના કુલ મેડલની સંખ્યામાં સર્વિસીસના ખેલાડીઓનો ફાળો ૩૨ ટકા અને તેના સુવર્ણ ચંદ્રકોમાં ૨૮.૫૭ ટકા હતો.

શ્રેષ્ઠ પ્રદર્શન કરનારાઓમાં નાયબ સુબેદાર નીરુ ધાંડાનો સમાવેશ થાય છે જેણે બે ગોલ્ડ અને ૦૧ સિલ્વર જીત્યો હતો. તે ગેમ્સમાં વ્યક્તિગત વિમેન્સ ટ્રેપ ઈવેન્ટમાં ગોલ્ડ જીતનારી પ્રથમ ભારતીય મહિલા બની હતી. નાયબ સુબેદાર ગુલવીર સિંહે ૦૨ સિલ્વર અને ૦૧ બ્રોન્ઝ મેળવ્યો, જે એશિયન ગેમ્સની એક જ આવૃત્તિમાં ત્રણ વ્યક્તિગત મેડલ જીતનાર પ્રથમ ભારતીય પુરુષ ટ્રેક-એન્ડ-ફીલ્ડ એથ્લેટ બન્યો. હવાલદાર સાવન બારવાલે ૨:૧૧:૩૭ ના નેશનલ રેકોર્ડ સમય સાથે મેન્સ મેરેથોનમાં સિલ્વર જીત્યો, જેનાથી એશિયન ગેમ્સના મેરેથોન મેડલ માટે ભારતની ૪૪ વર્ષની રાહનો અંત આવ્યો. નાયબ સુબેદાર સર્વેશ કુશારેએ પણ ભારત માટે ૫૬ વર્ષના વિરામ બાદ મેન્સ હાઈ જમ્પમાં ઐતિહાસિક મેડલ મેળવ્યો હતો.

રાષ્ટ્રીય ડાક સપ્તાહના 'ફન વિથ ફિલેટલી દિવસ' નિમિત્તે પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે યુપીયુ આંતરરાષ્ટ્રીય પત્રલેખન સ્પર્ધાની વિજેતા અમદાવાદની વિદ્યાર્થિની મીરા પી. ઠક્કરનું કર્યું સન્માન

ડાક ટિકિટો દ્વારા સંસ્કૃતિનો પરિચય, પત્રલેખન દ્વારા ભાવનાઓની અભિવ્યક્તિ: પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

પી.આઈ.બી. અમદાવાદ

ડાક ટિકિટો કોઈપણ રાષ્ટ્રની સભ્યતા, સંસ્કૃતિ અને વિરાસતની વાહક છે. સોશિયલ મીડિયાના આ યુગમાં યુવા પેઢીને ફિલેટલી (ડાક ટિકિટોનો સંગ્રહ) તથા પત્રલેખન જેવી પ્રવૃત્તિઓ સાથે જોડીને વધુ સર્જનાત્મક બનાવી શકાય છે. આ વિચારો ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે ૧૨ ઓક્ટોબરના રોજ અમદાવાદ ખાતે 'રાષ્ટ્રીય ડાક સપ્તાહ' અંતર્ગત આયોજિત 'ફન વિથ ફિલેટલી દિવસ'ના કાર્યક્રમમાં વ્યક્ત કર્યા. યુનિવર્સલ પોસ્ટલ યુનિયન આંતરરાષ્ટ્રીય પત્રલેખન સ્પર્ધા-૨૦૨૬માં ગુજરાત પરિમંડળમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર અમદાવાદ સ્થિત મહારાજા અગ્રસેન વિદ્યાલયની ધોરણ-૮ની વિદ્યાર્થિની મીરા પી. ઠક્કરને પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે ૨૫,૦૦૦ની રકમનો ચેક અને પ્રશસ્તિપત્ર અર્પણ કરીને સન્માનિત કરી. 'ડિજિટલ દુનિયામાં માનવીય જોડાણ શા માટે મહત્ત્વનું છે' વિષય પર આયોજિત આ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ગુજરાત પરિમંડળની વિવિધ શાળાઓના કુલ ૧,૭૯૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાં અમદાવાદ સ્થિત મહારાજા અગ્રસેન વિદ્યાલયની વિદ્યાર્થિની મીરા પી. ઠક્કરે પ્રથમ સ્થાન, વડોદરા સ્થિત ભારતીય વિદ્યા ભવનની વી. એમ. પબ્લિક સ્કૂલની વિદ્યાર્થિની કેશવી ડી. જોશીએ દ્વિતીય સ્થાન અને પાટણ સ્થિત સરિયદ કુમાર પ્રાથમિક શાળાના વિદ્યાર્થી દીક્ષિત ટી. રબારીએ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ પ્રસંગે યુપીયુ આંતરરાષ્ટ્રીય પત્રલેખન સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થિની મીરા પી. ઠક્કરના પિતા ડૉ. પાર્થિવ કનુભાઈ ઠક્કર અને માતા ડૉ. મિત્તલ પાર્થિવ ઠક્કર પણ ઉપસ્થિત રહ્યાં હતાં.



પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે ડિજિટલ યુગમાં પણ પત્રોનું વિશેષ મહત્ત્વ છે, કારણ કે તે માનવીય ભાવનાઓ, આત્મીયતા અને વ્યક્તિગત જોડાણને સશક્ત રીતે અભિવ્યક્ત કરે છે. બીજી તરફ, ફિલેટલી એટલે કે ડાક ટિકિટોનો સંગ્રહ વિદ્યાર્થીઓને દેશ-વિદેશના ઇતિહાસ, કલા, સંસ્કૃતિ અને વિરાસત સાથે જોડવાનું એક રસપ્રદ માધ્યમ છે. ફિલેટલીને "કિંગ ઓફ હોબી અને હોબી ઓફ કિંગ" તરીકે ઓળખવામાં આવે છે. તેમાં રસ ધરાવનાર વ્યક્તિ વિવિધ વિષયો પરની ડાક ટિકિટોનો સંગ્રહ કરી શકે છે. સંદેશાવ્યવહારના બદલાતા યુગમાં આજની યુવા પેઢી સોશિયલ મીડિયા તરફ વધુ આકર્ષાઈ રહી છે. આવી સ્થિતિમાં બાળકોને પત્રલેખન અને ફિલેટલી સાથે જોડવાનું વિશેષ મહત્ત્વ છે. પોસ્ટલ વિભાગ દ્વારા ફિલેટલીને પ્રોત્સાહન આપવા માટે ડાક ટિકિટ પ્રદર્શનો ઉપરાંત ફિલેટલી ડિપોઝિટ એકાઉન્ટ, માય સ્ટેમ્પ, દીનદયાળ સ્પર્શ શિષ્યવૃત્તિ યોજના, 'ઢાઈ આખર' પત્રલેખન સ્પર્ધા અને યુનિવર્સલ પોસ્ટલ યુનિયનની આંતરરાષ્ટ્રીય પત્રલેખન સ્પર્ધા જેવી વિવિધ યોજનાઓ તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

પ્રવર અધિક્ષક શ્રી શિશિર કુમારે જણાવ્યું કે 'રાષ્ટ્રીય ડાક સપ્તાહ–૨૦૨૬' અંતર્ગત 'ફન વિથ ફિલેટલી દિવસ' નિમિત્તે અમદાવાદ સિટી મંડળ દ્વારા સિંધુ ભવન સ્થિત કિતાબી આંગણ કેફે ખાતે "ડિજિટલ ડિટોક્સ — પત્રો દ્વારા ફરી જોડાઓ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. પત્રો દ્વારા લોકોને એકબીજા સાથે જોડવા તથા ભારતીય પોસ્ટ વિભાગના વારસાને પ્રોત્સાહન આપવાની દિશામાં આ કાર્યક્રમ એક સાર્થક પહેલ સાબિત થયો.

કાર્યક્રમ દરમિયાન સ્વાગત પ્રવચન પ્રવર ડાક અધિક્ષક શ્રી શિશિર કુમારે આપ્યું હતું, આભારવિધિ સહાયક નિયામક અલ્પેશ શાહે કરી હતી અને કાર્યક્રમનું સંચાલન અભિષેક પીઠડિયાએ કર્યું હતું. આ પ્રસંગે સહાયક નિદેશક રિતુલ ગાંધી, સહાયક અધિક્ષક બિરંગ શાહ અને રોનક શાહ, નિરીક્ષક ભાવિન પ્રજાપતિ, પાયલ પટેલ, આદિત્ય દેસાઈ સહિત અનેક અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

સુરતના વેસુમાં ડમ્પરે ટ્યુશન જતી બે બહેનોને અડફેટે લીધી

સુરતના વેસુ વીઆઈપી રોડ પર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આજે (૧૭મી સપ્ટેમ્બર) સવારે મોપેડ પર ટ્યુશન ક્લાસ જઈ રહેલી બે બહેનોને પૂરઝડપે આવી રહેલા ડમ્પરે જોરદાર ટક્કર મારી હતી. આ દર્દનાક અકસ્માતમાં મોપેડ ચલાવી રહેલી ૨૨ વર્ષીય યુવતીનું મોત નીપજ્યું છે, જ્યારે તેની નાની બહેન ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેને સારવાર અર્થે આઈસીયુ વૈંઝે) વોર્ડમાં ખસેડવામાં આવી છે. મળતી માહિતી અનુસાર, ૨૨ વર્ષીય નેહા પ્રસાદ અને તેની નાની બહેન નિકી પ્રસાદ રોજની જેમ પોતાના મોપેડ પર સવાર થઈને વેસુ વીઆઈપી રોડ પરથી ટ્યુશન જવા નીકળી હતી. આ દરમિયાન રસ્તા પર અચાનક પાછળથીઆવી રહેલા ડમ્પરના ચાલકે વાહન પરનો કાબૂ ગુમાવી દીધો હતો. ડમ્પરે મોપેડને પાછળથી જોરદાર ટક્કર મારી કે બંને બહેનો મોપેડ સાથે રસ્તા પર પટકાઈ હતી. અકસ્માત બાદ બંને બહેનો ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં રસ્તા પર પટકાઈ હતી. સ્થાનિક રાહદારીઓએ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે બંનેને નજીકની હોસ્પિટલ ખાતે ખસેડી હતી.

Printed and Published by MAYUR C. BHATT on behalf of KALYANI PUBLIATION PVT. LTD. and Printed at : Dharti Printers C-3, Shankar Chember, Nr. Fadia Chamber, Asharam Road, Ahmedabad-Published From KALYANI PUBLIATION PVT. LTD. 201,202,208 Nandan complex, opp mithakhali rly crossing, mithakhali, ahmedabad.
Editior : Mayur C. Bhatt

IDFC FIRST Bank
CIN: L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ: - કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧.
ટેલિફોન: +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ | ફેક્સ: +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉનું કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે ભેળવાયું અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)

પરિશિષ્ટ-IV-A [નિયમ ૮ (૬) અને ૯ (૧) ની જોગવાઈ જુઓ]
સ્થાવર મિલકતોના વેચાણ માટેની વેચાણ સૂચના
નાણાકીય સંપત્તિઓના સિક્યોરિટાઇઝેશન અને પુનર્નિર્માણ હેઠળ સ્થાવર સંપત્તિઓના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ સૂચના અને સિક્યોરિટી હિત અધિનિયમ, ૨૦૦૨ ને સિક્યોરિટી હિત (અમલીકરણ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૮ (૬) અને ૯ (૧) ની જોગવાઈ સાથે વાંચવામાં આવે છે.

ઓનલાઈન મિલકતનો સરવે

આથી જાહેર જનતાને અને ખાસ કરીને ઋણ લેનાર (ઓ), સહ-ઋણ લેનાર (ઓ) અને ગેરંટરને કોલમ (iii) મુજબ સૂચના આપવામાં આવે છે કે કોલમ (iv) મુજબ નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો જે સુરક્ષિત લેણદારને ગીરવે મૂકવામાં આવી છે/ચાર્જ કરવામાં આવી છે, જેનો કબજો અગાઉ આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે ઓળખાતા અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, તે 'જેમ છે ત્યાં છે', 'જેમ છે તેમ છે', અને 'જે કંઈ છે તે' પર વેચવામાં આવશે, જે આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉ આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે ઓળખાતું હતું) ને દેવું લેનાર (ઓ) અને સહ-ઋણ લેનાર (ઓ) પાસેથી બાકી રકમની વસૂલાત માટે કોલમ (i) મુજબ. વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે, કૃપા કરીને આઈડીએફસી ફર્સ્ટ બેંકની વેબસાઈટ https://www.idfcfirstbank.in/ પર આપેલી લિંક જુઓ. ઈ-હરાજી https://augeo.samil.in/ પર યોજવામાં આવશે.

ક્રમ નં.	(i) ડિમાન્ડ નોટિસ રકમ	(ii) કરાર આઈડી	(iii) દેવાદાર(ઓ)નું નામ અને સહ-દેવાદાર(ઓ) અને બાંહેધરી આપનાર(ઓ)	(iv) ગીરો મૂકેલી મિલકતનું સરનામું :	(v) અનામત કિંમતની રકમ	(vi) ઈએમડીની રકમ	(vii) હરાજીની તારીખ અને સમય	(viii) ઈએમડી નિરીક્ષણની તારીખ અને સમય	(ix) નિરીક્ષણની તારીખ અને સમય	(x) અધિકૃત અધિકારીનું નામ અને સંપર્ક નંબર
1.	INR 2705952.57/- Demand Notice dated: 25-Aug-2025	128597519	કુંવરિયા સિદ્ધાર્થ અનિલકુમાર અને કુંવરિયા ભાવિષા સિદ્ધાર્થ	સ્થાવર મિલકતનો તે સંપૂર્ણ ભાગ, જે માં 'અવસર એપાર્ટમેન્ટ' નામની બિલ્ડીંગના ત્રીજા માળે આવેલ રહેણાંક ફ્લેટ નં. ૩૦૨નો સમાવેશ થાય છે. આ ફ્લેટનો બિલ્ટ-અપ વિસ્તાર ૫૪.૪૫ ચોરસ મીટર અને કોમન એરિયા (સામાન્ય વિસ્તાર) ૩૩.૮૦ ચોરસ મીટર છે, જે મળીને કુલ સુપર બિલ્ટ-અપ વિસ્તાર ૮૮.૨૫ ચોરસ મીટર થાય છે. આ બિલ્ડીંગ પ્લાન નં. એ/૨ ના સબ-પ્લોટ નં. ૫/એ/૩ પર બાંધવામાં આવેલી છે. મિલકતનું સ્થાન: સિટી સર્વે નં. ૩૩૦૦, શીટ નં. ૮૩, સિટી સર્વે વોર્ડ નં. ૧૨ (જૂનો સિટી સર્વે નં. ૩૯/જી, મુખ્ય ભાગ જી ની શીટ નં. ૫), આગમન એપાર્ટમેન્ટની સામે, પટેલ કોલોની, સ્ટ્રીટ નં. ૯, બેડી બંદર રોડ પાસે, જામનગર શહેર, તાલુકો અને જિલ્લો: જામનગર, ગુજરાત - ૩૬૧૦૦૮. મિલકતની સીમાઓ નીચે મુજબ છે:- પૂર્વ: કોમન પેસેજ, દાદર અને ફ્લેટ નં. ૩૦૧; પશ્ચિમ: ખુલ્લી જગ્યા (આકાશ તરફ ખુલ્લું) અને પ્લોટ નં. ૫/૨ ની જમીન; ઉત્તર: કોમન પેસેજ, દાદર અને ત્યારબાદ પ્લોટ નં. ૫/૧; દક્ષિણ: રસ્તો.	INR 2345751.00/-	INR 234575.10/-	13-Nov-2026 11.00 AM to 1.00 PM	12-Nov-2026 10.00 AM to 5.00 PM	03-Nov-2026 10:00 AM To 4:00 PM	નામ- જય પારેખ સંપર્ક નંબર- ૭૮૮૪૯૬૭૬૨૩ નામ- ચિન્મય આચાર્ય સંપર્ક નંબર- ૯૫૭૪૪૮૮૮૪૪
2.	INR 3020840.65/- Demand Notice dated: 05-Apr-2025	128555440	રજની મહેશ જીવણભાઈ અને રજની કવિતાબેન મહેશભાઈ	ગુજરાત રાજ્યના જામનગર જિલ્લામાં (પિન કોડ: ૩૬૧૦૦૫) આવેલ, રેવન્યુ સર્વે નંબર ૧૧૨૪/૧ પૈકીની જમીન પર, 'આલાપ એવન્યુ સોસાયટી' તરીકે ઓળખાતા વિસ્તારમાં, પ્લોટ નંબર ૬ ના સબ-પ્લોટ નંબર ૬/એ પર બાંધવામાં આવેલ રહેણાંક મિલકત (ટેનેમેન્ટ). આ મિલકતની ચારે બાજુની હદ નીચે મુજબ છે: પૂર્વમાં : પ્લોટ નંબર ૧૧, પશ્ચિમમાં : ૭.૫૦ મીટર પહોળો રસ્તો, ઉત્તરમાં : પ્લોટ નંબર ૭ અને દક્ષિણમાં : સબ-પ્લોટ નંબર ૬/બી.	INR 2325816.18/-	INR 232581.61/-	13-Nov-2026 11.00 AM to 1.00 PM	12-Nov-2026 10.00 AM to 5.00 PM	03-Nov-2026 10:00 AM To 4:00 PM	નામ- જય પારેખ સંપર્ક નંબર- ૭૮૮૪૯૬૭૬૨૩ નામ- ચિન્મય આચાર્ય સંપર્ક નંબર- ૯૫૭૪૪૮૮૮૪૪

અસ્વીકરણ: કૃપા કરીને નોંધ લો કે ઉપરોક્ત નોટિસ ફક્ત સ્થાવર મિલકતના વેચાણ માટે જારી કરવામાં આવી છે અને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડને સ્થાવર મિલકત પર હાજર સ્થાવર સંપત્તિ, જો કોઈ હોય, તો તેના વેચાણનો કોઈ અધિકાર નથી.

તારીખ : ૧૯.૧૦.૨૦૨૬
સ્થળ : જામનગર

અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડની વિલીનીકૃત સંસ્થા.)

Truhome FINANCE
ટ્રુહોમ ફાઇનાન્સ લિમિટેડ (અગાઉ શ્રીરામ હાઉસીંગ ફાયનાન્સ લિ.)
હેડ ઓફિસ : લેવલ - ૩, વોકહાર્ટ ટાવર્સ, પૂર્વ વિંગ, સી-૨, જી - બ્લોક, બાન્દ્રા કુરલા કોમ્પ્લેક્ષ, બાન્દ્રા (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૫૧.
ટેલિ. નં. ૧૮૦૦ ૧૦૨ ૪૩૪૫, વેબસાઈટ : http://www.truhomefinance.in
રજીસ્ટર્ડ ઓફિસ: શ્રીનિવાસ